**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૩/૧૦/૨૦૧૭ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૨૧૩૯/૧૭**

**ટાયર ચોરને ચોરીના ટાયરો સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેરની 'જે' ડિવીજન સ્કોર્ડ**

'જે' ડિવિજન વિસ્તારમાં બનતા વાહન ચોરી ના બનાવો ન બને તેમજ બનેલ ગુના શોધી કાઢવા સારૂ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ શ્રી અશોક યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી આર.ટી.સુશ્રા સાહેબ નાઓ તરફથી મળતી સુચનાઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી 'જે' ડીવીજન શ્રી. વી.એમ.જાડેજા સાહેબ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ 'જે'ડિવીજન સ્કોડના માણસોને આજરોજ અમદાવાદ શહેર વિસ્તાર માંથી વાહનો ના ટાયર ચોરી કરનાર ગુનેગાર ને ઝબ્બે કરવામાં સફળતા મળેલ છે.

જેમાં જે' ડીવીજન સ્કોડ ના પો.કોન્સ.રમેશકુમાર હિરદેરામ તથા પો.કો.મૌલિક કપીલકુમાર નાઓને સયુક્ત બાતમી મળતા જે બાતમી આધારે વોચમા રહી આરોપી નામે નં(૧) એજાજ સ/ઓ રઇશભાઇ જાતે-શેખ ઉ.વ-૨૫ રહે-૯૨/૦૧ સાઇડ એન્ડ સર્વીસ દાણીલીમડા અમદાવાદ શહેર તથા નં(૨) હુશેનખાન મુન્નાખાન જાતે-પઠાણ ઉ.વ-૩૬ રહે-વારીસ મહોલ્લા કુરેશી મસ્જીદની સામે દાણીલીમડા અમદાવાદ શહેર નાઓને આજરોજ તા-૨૨/૧૦/૧૭ ના કલાક ૦૨/૦૦ વાગે મણીનગર બળીયાકાકા ના છાપરા પાસે જાહેર રોડ ઉપરથી ઓટોરીક્ષા નં GJ-01-AX-6975 મા ઓટોરીક્ષાના બે સ્ટાપડી સાથેના ટાયરો જે બન્ને ટાયરો ની કિ.રૂ.૪૫૦૦/૦૦ તથા ઓટોરીક્ષા ની કિ.રૂ.૨૦,૦૦૦/૦૦ ગણાય જે બન્ને ટાયરો તથા ઓટોરીક્ષાની કિંમત મળી કુલ્લે રૂ.૨૪૫૦૦/-ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય સદરી બાબતે CRPC કલમ ૪૧(૧) ડી મુજબની કાર્યવાહી કરી તપાસ કરતા સદરી ટાયરો બાબતે મણીનગર પોલીસ સ્ટેશન માં ફસ્ટ ગુરનં.૧૨૯/૧૭ ધી ઇ.પી.કો કલમ-૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે જે ગુનો ડીટેક્ટ થવા પામેલ છે.

**<u>નિકોલ પોલીસ સ્ટેશનઃ</u>**

ઉપરી અધિકારી શ્રી તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી ઓઢવ પોલીસ સ્ટેશન નાઓની સૂચના મુજબ મિલકત સબંધી ગુના શોધી કાઢવા સારૂ હે.કો જયેશભાઈ કોદરભાઈ બ.નં ૮૨૪૪ તથા એ.એસ.આઈ અજયપાલ સિયારામ બન.૭૧૮૩ તથા પો.કોન્સ મુકેશભાઈ મંગાભાઈ બન.૯૨૨૭ તથા પો.કોન્સ શક્તિસિંહ ગજાભાઈ બન.૩૪૬ તથા અલ્પેશકુમાર હેમુભાઈ બ.નં ૯૯૪૯ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તરામાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન પો.કો મુકેશભાઈ મંગાભાઈ નાઓની બાતમી હકીકત આધારે આરોપી સુનીલ દિનેશભાઈ મોહનભાઈ પટેલ ઉવ.૨૨ રહે બ્લોક નબર ૭/૧૬૨ સ્લમ ક્વાટર્સ તિરુપતિ એસ્ટેટની સામે સરસપુર અમદાવાદ તથા હંસરાજ ઉર્ફે હર્ષદ ઉર્ફે ઢોલિયો સ/ઓફ શ્રવણભાઈ જાતે પ્રજાપતિ ઉવ.૨૯ રહે હજારીમલ ચતુરદાસની ચાલી અબુજા હાઈસ્કુલ પાસે બાપુનગર અમદાવાદ નાઓને આજરોજ તારીખ ૨૨/૧૦/૧૭ ના કલાક ૧૫/૦૦ વાગે સી.આર.પી.સી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી એક સી.એન.જી ઓટો રીક્ષાનો ચેચીસ તથા એન્જીન નંબર જોતા ચે.ન.MD2A27AYXHWD38801 તથા એન્જીન.નં.AZYWHD63170 જેવો વંચાય છે જેની આગળ પાછળ નંબર પ્લેટ લગાવેલ નથી જેની કી.રૂ ૧,૦,૦૦૦૦/- ગણી સી.આર.પી.સી.કલમ.૧૦૨ મુજબ કબજે લેવામાં આવેલ છે અને નિકોલ પો.સ્ટે ફ.ગુ.ર.ન ૧૯૬/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢવામાં આવેલ છે અને સારી કામગીરી કરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી વાડજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.